# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-09-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## P.M. મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું દેશ ફક્ત સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને જ આત્મનિર્ભર બની શકે છે

મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા, પ્રધાનમંત્રીએ લોકોને આગામી તહેવારો સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને "વોકલ ફોર લોકલ" ને તેમનો મંત્ર બનાવવા વિનંતી કરી. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવા માટે પ્રતિજ્ઞા લેવા હાકલ કરી.

પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે હાથવણાટ અને હસ્તકલા ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પરંપરા અને નવીનતાને જોડવાથી નોંધપાત્ર પરિણામો મળી શકે છે

શ્રી મોદીએ ભારતીય નૌકાદળના બે બહાદુર અધિકારીઓની સિદ્ધિ પર પ્રકાશ પાડ્યો જેમણે નાવિકા સાગર પરિક્રમા દરમિયાન દરિયામાં આઠ મહિના વિતાવ્યા. લેફ્ટનન્ટ કમાન્ડર દિલના અને લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા સેઇલબોટમાં સમુદ્ર સુધી પહોંચનારા પ્રથમ ભારતીય, પ્રથમ એશિયન અને વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની મહેનત, સફળતા અને સિદ્ધિઓ દેશના યુવાનો, ખાસ કરીને છોકરીઓને પ્રેરણા આપશે.

મોદીએ આગામી તહેવારો માટે ખાસ કરીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

-----------------------------------------------------------------------------------

## એશિયા કપમાં ભારતની જીત

ભારતે ભારે રસાકસી ભર્યા અંતિમ જંગમાં પાકિસ્તાનને **5** વિકેટે પરાસ્ત કરી એશિયા કપનો ખિતાબ જીતી લીધો હતો. દુબઇ ખાતેના અંતિમ જંગમાં પાકિસ્તાનના **146** રનના જવાબમાં ભારતીય ટીમે **5** વિકેટ ગુમાવી **150** રન કરી મેચ જીતી લીધી હતી. ભારતના તિલક વર્માએ સૌથી વધુ **69** રન કર્યા હતા.

ભારતે ટોસ જીતી પાકિસ્તાનની ટીમને મેદાનમાં ઉતારી હતી. સારી શરૂઆત પછી તેની વિકેટો ઝડપથી પડવા માંડી અને **19** ઓવર અને એક બોલમાં ટીમ **146** રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારત વતી કુલદીપ યાદવે સૌથી વધુ **4** વિકેટ જ્યારે જસપ્રીત બુમરાહ**,** વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલે બે-બે વિકટ ઝડપી હતી.

**------------------------------------------------------------------------------------------**

## BCCI ના નવા પ્રમુખ

દિલ્હીના ભૂતપૂર્વ કેપ્ટન મિથુન મનહાસ**,** ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ -**BCCI** ના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા છે. ગઇકાલે **BCCI** મુખ્યાલય ખાતે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં નવા હોદ્દેદારોના નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

બોર્ડના 37મા પ્રમુખ બનેલા મનહાસ રોજર બિન્નીની જગ્યા લેશે. 70 વર્ષ પૂર્ણ કર્યા બાદ બિન્નીએ ગયા મહિને પ્રમુખ પદ છોડી દીધું હતું.

**------------------------------------------------------------------------------------------**

## આચાર્ય તુલસી સન્માન સમારોહ

ગાંધીનગરના કોબા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગઇકાલે "આચાર્ય તુલસી સન્માન સમારોહ" યોજાયો. આ તકે રાજ્યપાલે જણાવ્યુ હતું કે**,** જે કાર્ય કરતા ભય**,** લજ્જા અને શંકા અનુભવાય તેવું કાર્ય કરવું ન જોઈએ**,**અને આ જ શાસ્ત્રોનું અમૂલ્ય માર્ગદર્શન છે.આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેરાપંથી જૈન સમાજના આચાર્ય શ્રમણજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

---

## માતાના મઢમાં ભાવિકોની ભીડ

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં ઉજવાઇ રહેલી પરંપરાગત અશ્વિન નવરાત્રી પર્વના છઠ્ઠા રવિવારે 70 હજાર કરતાં પણ વધુ યાત્રિકોએ મા આશાપુરાના દર્શન કર્યા હતાં. અશ્વિન નવરાત્રી પૂર્વે શ્રાદ્ધપક્ષના છેલ્લા ચાર પાંચ દિવસથી શરૂ થયેલો યાત્રિકોનો આંક છઠ્ઠા નોરતા સુધી પાંચ લાખને પાર કરી ગયો હતો. આજે સાતમા નોરતે મોડી સાંજે મઢ જાગીર અધ્યક્ષના હસ્તે જગદંબા પૂજન બાદ હોમ-હવનની ધાર્મિકવિધિનો ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર થશે. તેમજ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના **હસ્તે** બીડું હોમવામાં આવશે.

---

## કચ્છમાં વરસાદના આંકડા

બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના હળવા દબાણની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં પણ ગઇકાલે સાંજથી વરસાદ પડ્યો હતો. જિલ્લા કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ સાંજના છ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી પડેલ વરસાદની વિગત જોતા અંજારમાં 44 મિમિ., મુન્દ્રામાં 42 મીમી, ગાંધીધામ 38 મિમિ, માંડવી 30 મિમિ, ભચાઉ 24 મિમિ, ભુજ 19 મિલિમીટર વરસાદ પડ્યો હતો.

---

## રાજ્યમાં વરસાદની આગાહી

નવરાત્રિના દિવસો વચ્ચે રાજ્યમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે. ગઇકાલ સુધી 110 તાલુકામાં વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે રાજ્યના 147 જળાશય હાઇએલર્ટ પર છે. દરમિયાન રાજ્યમાં જામેલી નવરાત્રિ વચ્ચે વરસાદના લીધે ગરબા મેદાન તરબોડ બનતા વડોદરા, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં ગરબાના આયોજકોને ગરબી રદ્દ કરવી પડી

હતી. દરમિયાન કચ્છ સહિત સૌરાષ્ટ્રમાં ત્રીજી ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------